SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 62. ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ

ગામીત મનિકાબેન જે.

વર્તમાન સંસ્કૃતિ ફક્ત વર્તમાન સમયનો વ્યવહાર અને ચિંતનની પ્રથા જ નથી. તે પરંપરા પણ છે આ પરંપરામાં ઘણું બધું પૂર્વકાલીન કે પ્રાચીન સચવાયેલું હોય છે. આ સચવાયેલા અવશેષો પોતાના યુગનો તે સમયની સંસ્કૃતિનો ઇતિહાસ પ્રગટ કરે છે. સમયના પ્રવાહમાં વિધિ વિધાનો અને કંઠસ્થ લોકસાહિત્ય રૂપે સ્થિર રહેલા આ અવશેષો અને આજ દિન સુધી ચાલી આવતી પરંપરિત જીવંત રીતિ તથા મનુષ્યએ ઉપયોગમાં લીધેલી ભૌતિક સામગ્રી કોઈ પણ સંસ્કૃતિની સંરચનાની વ્યાખ્યાનું એક મૂલ્યવાન સાધન બને છે.

આપણો ગુજરાત પ્રદેશ ભારતનો દક્ષિણી પઠાર અને રાજસ્થાન અને ગુજરાતનો અરવલ્લી પહાડ દુનિયાના પ્રાચીન ભૂમિ ખંડ છે. આ ભૂભાગને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના ઉદ્દભવ સ્થાન કહી શકાય છે. આપણો ગુજરાત પ્રદેશ એ લોક સંસ્કૃતિ, લોકસાહિત્ય, અને લોકવિદ્યાઓની વિવિધ પરંપરાની દ્રષ્ટિએ ઘણો પ્રાચીન પ્રદેશ છે. લોકગીતો, લોકવાર્તાઓ, લોકનાટ્ય, લોકનૃત્ય કહેવતો લોકોક્તિઓ વગેરે લોક સાહિત્યનાં પ્રકારો ઉપરાંત લોકસંગીત, લોકધર્મ, લોકકલાઓ, વિવિધ સાધનાત્મક ધાર્મિક ઉપાસનાઓ, વિધિવિધાનો અને લોકવિદ્યાઓનું વિપુલ ભંડાર આપણા લોકજીવનમાં પણ લોક સંસ્કૃતિ લોકસાહિત્યના વિષયનો અધ્યાપન થાય છે. છતા પણ આજ સુધીમાં સંશોધિત - સંપાદિત થયેલી સામગ્રી લોકજીવનમાં કંઠપકંઠ સચવાયેલી સામગ્રીની ગણતરી એ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. અહીં મારો ઉપક્રમ ઉત્તર ગુજરાતનું લોક સાહિત્ય અને લોક સંસ્કૃતિ તરફ આંગોલી નિર્દેશ કરવાનો છે.

ગુજરાત રાજ્યના ઉત્તરનો ભાગ ઉત્તર ગુજરાત તરીકે ઓળખાય છે. આ વિસ્તારમાં રાજ્યના બનાસકાંઠાં, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ અને ગાંધીનગર જિલ્લાઓના સમાવેશ થાય છે. ગુજરાત રાજ્ય એ ઉત્તમ પ્રકારનો અલૌકિક ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો ધરાવે છે. જેમાં અનેક જાતિ, જ્ઞાતિ, મેળાઓ, તહેવારો, ઉજવણીઓ, નૃત્યો, સાંગીતિક વારસો, સ્થાપત્યો, શિલ્પો, વિવિધ ધર્મો તેનાં સ્મારકો, મંદિરો, ભૂગોળીય વારસો, પર્વતો, નદીઓ, જંગલો અભયારણ્યો અને વિશાળ દરિયાકાંઠો એમ અનેક વિરાસતોનો ઉજળો વારસો લઈને ગુજરાત ધબકી રહ્યું છે. તેમાં આપણે જોઈએ તો તેનો સાહિત્યક અને ક ળાકીય વારસો પણ વિશ્વને અનેક રીતે જુદી જુદી બાબતોમાં દિશા સૂચન કરતો રહ્યો છે. ગુજરાત સાહિત્યક વિરાસતમાં પણ અવલ છે. તેનો લિખિત એટલે કે શિષ્ટ સાહિત્ય નો હજારો વર્ષોનો ઇતિહાસ છે. તો લોકવિદ્યા અંતર્ગત લોક વાગ્મય સાહિત્યક્ષેત્રે પણ તે હજારો વર્ષોનો ઇતિહાસ ધરાવે છે. જેમાં આપણે જોઈએ તો વિશિષ્ટ ભૂભાગ જેવા કે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, અને સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત છે.વ એમ આ પ્રદેશ ભેદે લોકસાહિત્યક વિરાસતનો પણ વિસ્તાર છે.

ઉત્તરગુજરાત એ પૂર્વમાં સાબરકાંઠા તેની ઉતરે રાજસ્થાનનો મારવાડ દેશ, પશ્ચિમે પાકિસ્તાન અને દખ્ખણે અડાલજ, અમદાવાદનો સીમા વિસ્તાર ધરાવે છે. તો બીજી રીતે જોઈએ તો પચ્છિમ પાટણ જિલ્લાનાં સાંતલપુરથી લઈને પૂર્વમાં સાબરકાંઠાના શામળાજી, ધનસુરા, મોડાસા અને ઉત્તર રાજસ્થાનનો મારવાડ પ્રદેશ અને દક્ષિણે મહેસાણા જિલ્લાના બહુચરાજી કે જેમાં મહેસાણા, હિંમતનગર, સિધ્ધપુર, પાલનપુર, ગાંધીનગર જેવા શહેરો આવેલા છે. એટલે કે તેની એક તરફ રાજ્યની સીમા એક તરફ દેશની સીમા અને બીજી બાજુ ભારતીય પ્રાદેશિક વિસ્તારની સાથે તેનો સાંસ્કૃતિક સંબંધ રહેલો છે. ઉત્તર ગુજરાતમાં ધરણીધર - ઢીમા અને શામળાજીમાં પ્રખ્યાત વેષ્ણવ તીર્થો તો અંબાજી અને બહુચરાજી જેવી શક્તિપીઠો આવેલી છે. અરવલ્લી અને વિધ્યાંચલની પર્વત શૃંખલા જેસોર જેવા વન્ય અભયારણ્ય તો તેની એક બાજુ કચ્છની નાના રણની કાંધી વિસ્તાર આવેલ છે. પર્ણાશા, રૂપેણ અને સરસ્વતી જેવી વિશ્વની એકમાત્ર અંતસ્થ નદીઓની વિરાસત પણ તેને મળેલી છે. તો મોઢેરાનું વિશ્વપ્રસિધ્ધ સૂર્યમંદિર વિશ્વ ઐતિહાસિક વારસામાં સ્થાન પામેલી પાટણની રાણકીવાવ, સિધ્ધપુરનો રુદ્ર મહાલય, વડનગર નો કીર્તિ તોરણ, કુંભારીયા અને દેલવાડાના દેરા, તારંગાનાં નયનરમ્ય પર્વતો અને જૈન દેરાસર, વાવ તાલુકામાં પાકિસ્તાન બોર્ડર ઉપર આવેલું નડેશ્વરી માતાજીનું મંદિર, વરાણાનું ખોડીયાર મંદિર અને તેનો પંદર દિવસનો લોકમેળો અને સિદ્ધપુરનો કાત્યકનો લોકમેળો અને વિશ્વનું એકમાત્ર માતૃશ્રાદ્ધ અને તર્પણ તીર્થ સિધ્ધપુર નું બિંદુસરોવર ખેડબ્રહ્મા અને સાબરકાંઠાની આદિવાસી વસ્તી અને તેની લોકવિરાસત એમ અનેક વિવિધતાઓ આ વિસ્તાર ધરાવે છે. તેના આ વિસ્તારમાં પટણી બોલી વિશાળ ભેદે તો નાના પાયે ભીલી, મારવાડી

જેવી અનેક બોલીઓનો વારસો પણ આ વિસ્તારને મળેલો છે. ઉત્તર ગુજરાતના આ પ્રદેશમાં વાગડ, વાવેશી, વઢીયાર, થરાદરી, હિન્દવાણી, દિસાવલ, જતોડા અને ચોરડા એમ પેટાપ્રાદેશિક વિસ્તારોની વિરાસત પણ આવેલી છે. તો વિશ્વની સૌથી જૂની પર્વતમાળા કે જે સૃષ્ટિ અને પૃથ્વીના ઉદ્ભવ સાથે ઉદભવેલી છે. તે અગ્નિકૃત પ્રકારની અરવલ્લીની પર્વતમાળાઓ આમ આ ભૌગોલિક વિરાસત ની સાથે આ વિસ્તારમાં આદિવાસી વસ્તી, આંજણા, ચૌધરી, દેશી મારવાડી અને પાટણવાડીયા રબારી, ડુંગરી ગરાસિયા, કડવા અને લેવા પાટીદારો, ક્ષત્રિયો અને અન્ય અનેક જ્ઞાતિગત વારસો પણ ધરાવે છે.

- **ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય** "લોકસાહિત્ય" એ લોકો વડે, લોકો દ્વારા અને લોકો માટે રચાતું સાહિત્ય છે. તેમાં લોકોનો મહત્વનો ફાળો રહેલો છે. લોક સાહિત્ય એ લોકોના કંઠે સચવાય છે. અને તે પેઢી દર પેઢી સુધી ચાલતો રહે છે. લોક સાહિત્ય કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિ સમુહ દ્વારા રચાયેલું સાહિત્ય હોય છે. આમ સાહિત્ય એ લોકોથી સર્જાયેલું અને લોકો માટે સર્જાયેલું સાહિત્ય છે. લોક સાહિત્યનો લોકો સાથે સીધો સંબંધ જોવા મળતો હોય છે.

લોક એટલે સમાન પરંપરા ધરાવતો નિશ્ચિત ભૌગોલિક વિસ્તાર, કોઈપણ પ્રદેશ અને એની ભાષા બોલી માંથી કથાઓ અને ગીતો જેવી પરંપરાથી કહેવાથી ગવાતી રચનાઓ જે લોકમાનસમાંથી ઉદ્ભવેલી લોક માનસ દ્વારા ઘડાયેલી અને લોકલક્ષી હોય છે જે લોક સાહિત્ય કહેવાય છે. લોક સાહિત્યની રચનાઓ લોક પરંપરામાં જ જન્મતી ,વિકસતી અને તરતી રહે છે.

લોકસાહિત્ય એ પરા પૂર્વથી ઉતરી આવેલ લોકસ્મૃતિએ વાગોળાતું,રમતું, લોક કંઠે જીવંત રહેલું સાહિત્ય. આ સાહિત્ય ક્યાંથી ઉતરી આવ્યું? તેના રચયિતા કોણ? વગેરે પ્રશ્નોના જવાબ આ સુધી કોઈ પણ આપી શક્યું નથી પરંતુ એટલું ચોક્કસ કહી શકાય કે લોકસાહિત્ય એ લોકોનું સાહિત્ય છે. એટલે કે લોકો જ તેના કર્તા છે. લોક સાહિત્યએ વિવિધ સાંસ્કૃતિક અભ્યાસ, નૃવશ શાસ્ત્ર,માનવ વંશ ઉત્પતિ ની જાણકારી, ભાષા અને બોલી અભ્યાસની શક્યતાઓ, પુરાવસ્તુશાસ્ત્ર ,અભ્યાસની કડી અને ભાવિ શક્યતાની અસરને સ્વીકારે છે. લોકસાહિત્ય કોઈ એક સમાજ, વર્ગ, પ્રદેશની કે પ્રજાની સંસ્કૃતિમાં દસ્તાવેજ છે. જે તે પ્રજાની રહેણી કરણી, રૂઢિ રિવાજો, સંસ્કારો, માન્યતાઓ, વગેરેનું પ્રતિબિંબ તેમાં જોવા મળે છે. તેમાં માનવ મનના બધા જ ભાવો, વ્યક્તિગત પારિવારિક સામાજિક જીવનની સારી નરસિ બધી ઘટનાઓ અને સંસાર વ્યવહારની તમામ બાબતોનું નિરૂપણ થયેલું હોય છે. સાહિત્ય રચનાની કોઈપણ સભાનતા વિના રચાયેલું હોવાથી એમાં માનવ મનનો સીધો જ પડઘો જોવા મળે છે. ઉખાણા વગેરે સ્વરૂપે રચાયેલું ગુજરાતી સાહિત્યનો અદભુતતા જોવા મળે છે.

ઉત્તર ગુજરાતની પાળિયા કથાઓ વિશે સંશોધનનું કામ થઈ શકે તેવું છે. જ્યારે કોઈ વ્યક્તિ સત્ય માટે પોતાની જાતનું બલિદાન આપે છે તેની યાદમાં ગામો ગામ પાળીયા જોવા મળે છે. જે પોતાની અંદર ઇતિહાસ સંઘરી ને બેઠા છે. ગુજરાતના બધા જ વિસ્તારોમાં પાળીયાઓ મળે છે તેમાંથી ઘણી મહેનતના અંતે તે પાળીયાઓની કથાઓ સંશોધકો, બારોટ, ગઢવીઓ માં સાચવી છે કાં તો તેના વિશે દસ્તાવેજીકરણ થયું છે. હજુ હમણાં ઉત્તર ગુજરાતમાં વઢીયાર પંથકમાં વસેલી અને નેક, ટેક, ખુમારી, ત્યાગ અને બલિદાન માટે પંકાયેલી એવા નરવૈયા રાજપુતો નાડોદા રાજપૂતો વસે છે તેમના વહીવંચા બારોટ સ્વ. ખડુભાબારોટે એ વિસ્તારની રજે રજ ભૂમિ ફરીને ખૂબ મહેનત કરીને ૪૪૮ જેટલા પાળીયાઓની કથાઓ ભેગી કરીને લોકસાહિત્યના સંશોધન અને સંપાદન ક્ષેત્રે ખૂબ જ મહત્વનું અને મોટું કામ કર્યું છે. અને વિસરાયેલી કથાઓને પ્રકાશમાં લાવી છે. આ સિવાય બીજી ઘણી બધી લોક કથાઓ ઉત્તર ગુજરાતમાં ગરબાયેલી પડી છે. દા.ત રાજગઢી રુધિરે રંગાણી, પ્રીતવછોયાં, ખુટામણ , ખોડી ખાંભી ખડબળે , તાગો બાપાની તલવાર, ન્યાયને ખાતર શહાદત, ગાયોનું વહારુ ગાગોજી ચૌહાણ વગેરેની લોકકથાઓ પ્રચલિત છે.

લોકસાહિત્યમાં જેવી તે લોકકથા મહત્વનો પ્રકાર છે તેવો જ બીજો તેનો મહત્વનો પ્રકાર લોકગીત છે ગુજરાતના લોકસાહિત્યમાં લોકગીતોના સંસાધનો અને સંપાદનો માં લોકગીત ની અણમૂલી વિરાસત ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે. જેમાંથી મારી દ્રષ્ટિએ મહત્વના લોકગીતોની પણ ઉલ્લેખ જ હું અહીંયા કરીશ .

**" કિયા તે ગામનો વાસી, સોનાજી**
**કિયા તે ગામનો વાસી રે લોલ**
**પે પેપળું ગામનો વાસી , સોનાજી"**

ઉત્તર ગુજરાતના લોકસાહિત્યના લોકગીતો માં કેટલાક પાઠાંતર ભેદ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં ગીતો પહોંચ્યા હોય તેવા ગીતો પણ ઉત્તર ગુજરાતમાં જોવા મળે છે.

**"પિયા ની ગઝવેલી લીધી બાબુડા સેલ ,**

**પિયા ની ગળવેલી લીધી રે બાલ"**

તો સૌરાષ્ટ્રમાં ગવાતુ આ લોકગીત ફક્ત સબ્દફેરે એ જ પીડા અને વેદકતા સાથે ઉત્તર ગુજરાતના બનાસકાંઠાના " કાનુડો" જીવ જન્માષ્ટીના તહેવાર નિમિત્તે ગવાય છે.

**"ઊંચી રબારણ ઉજળી,**
**એને ખંભે તે શેળું હીરનું**
**માથે બેલેડિયું દૂધનું"**

આ લોકગીત માં રબારણ જ્ઞાતિ વિશેષ નારી નામેં સુખ દુઃખની વેદના, કાન ભંભેરણી અને પછી સંબોધનની હારમાળા અને અંતે નિસહાય વેદના જે એ વિસ્તારની કહાની ને બયાન કરે છે. તો મણિયાર નું ગીત મીરખાનજીના કાગળ, જે રિયા રમે જેરિયા વગેરે લોકગીતો અને તે સિવાય અઢળક લોકગીતો આ વિસ્તારના લોકસાહિત્યના ખજાને જોવા મળે છે.

ઉત્તર ગુજરાતના હડીલા જે ખાસ કરીને બનાસકાંઠાના ઠાકોરોમાં આ ગીતો દિવાળીના તહેવારો ઉપર ગવાય છે. જે પણ ઉત્તર ગુજરાતના સાહિત્યનું નજરાણું છે. ઉત્તર ગુજરાતનાં પાટીદારો, નાગરો બ્રાહ્મણો નાં લગ્નગીતો અને તેમના ધાર્મિક ગીતો, તેમના સામાજિક ગીતો વગેરે સમૃદ્ધ સંપાદનો પણ મળ્યા છે. આ સિવાય ઉત્તર ગુજરાતના લોકસાહિત્યમાં ગરબા, જોડકણા, પાંચીકડા, સોરઠા જેવા પદ્ય દેહ વિહરતા અનેક સ્વરૂપો જોવા મળે છે.

## • ઉત્તર ગુજરાતની લોક સંસ્કૃતિ

લોકસંસ્કૃતિ એ ગામડાઓની કળા છે. હજુ પણ પેઢીઓથી ચાલી આવે છે. લોક સંસ્કૃતિ એટલે કોઈ પણ પ્રજાની જે લાક્ષણિકતા કે જીવનરીતી પેઢી દર પેઢી ઉતરી આવી એ પ્રજાના સમગ્ર જીવનને આવરી લેતી હોય એવી જીવનશૈલી. ઉત્તર ગુજરાત આવી જ લોકસંસ્કૃતિનો વારસો ધરાવે છે. લોકસંસ્કૃતિ લોકોના જીવન સમગ્રને આવરી લે છે. જેમાં લોકસાહિત્ય, લોકોનું સમાજ જીવન, લોક લાઓ(નૃત્ય, નાટ્ય, સંગીત, ચિત્રકલા) અને લોક કારીગરી એટલે ભરતગુંથણ વગેરે જોવા મળે છે.

આપણા ઉત્તર ગુજરાત પ્રદેશ લોકસંસ્કૃતિ, લોકસાહિત્ય, અને લોક વિદ્યાઓથી વિવિધ પરંપરાઓની દ્રષ્ટિએ ઘણો પ્રાચીન છે. લોકગીતો, લોકવાર્તાઓ, લોક નાટ્ય, કહેવતો – લોકોક્તિઓ વગેરે લોકસાહિત્યના પ્રકારો ઉપરાંત લોકસંગીત, લોકધર્મ, લોકકલાઓ, વિવિધ સાધનાત્મક ધાર્મિક ઉપાસનાઓ, વિધિવિધાનો અને લોકવિદ્યાનો વિપુલ ભંડાર આપણા લોકજીવનમાં આજે પણ વિદ્યમાન છે. વિશ્વવિદ્યાલયના પાઠ્ય ક્રમોમાં પણ લોક સંસ્કૃતિ લોકસાહિત્યના વિષયનું અધ્યયન પણ થાય છે. છતાં પણ આજ સુધીમાં સંશોધિત સંપાદિત થયેલી સામગ્રી લોકજીવનમાં કંઠપકંઠ સજવાયેલી સામગ્રીની ગણતરીએ ઓછા પ્રમાણમાં જોવા મળે છે. એમાંયે ખાસ કરીને વાત કરીએ તો આદિવાસી લોક નીતિઓના લોકજીવન, લોકસંસ્કૃતિ, વિશે તો આપણે ત્યાં ઓછું કામ જોવા મળે છે. એની પાછળનું એક કારણ તો આદિવાસી લોક જાતિઓની બોલી એની સંસ્કૃતિ અને એના રીતરિવાજો જાણનારા અને વિટંબણાઓ સહન કરીને આદિવાસી ક્ષેત્રોમાં સંશોધન અને મુસાફરીઓ કરનારા વિદ્વાનો જ ઓછા છે. એમાં આદિવાસી વિસ્તારોમાં ફરીને સંશોધન કાર્ય કરનાર માડ બે -ચાર વિદ્વાનોના નામ આપણી નજર સામે આવે છે. એમાં મોખરા નું નામ છે ડોક્ટર ભગવાનદાસ પટેલ નું.

લોક સંસ્કૃતિમાં ભાષાઓ, બોલીઓ, પહેરવેશ, રોજિંદા ભોજન, અભિવ્યક્તિ વગેરેમાં અનેક વિવિધતાઓ હોવા છતાં વિચારો અને મૂલ્યોની બાબતમાં મૌલિક એકતા જોવા મળે છે. વ્યક્તિઓની બાહ્ય અભિવ્યક્તિઓમાં ભલે તફાવત હોય પરંતુ સંસ્કૃતિના આત્મામાં મૌલિક એકતા છે. દા.ત દરેક ગામમાં અલગ અલગ ખાસ દેવો હોય છે. પરંતુ દરેક દેવની પૂજા આરાધનામાં સમાનતા જોવા મળે છે. નાગદેવતા અને શીતળા માતાની પૂજા લગભગ ભારતના દરેક ગામમાં થાય છે. પણ તેના સ્થાનિક નામ અલગ અલગ હોય છે. તેમજ લોકસાહિત્ય, લોકગીત, મહાકાવ્ય, વાર્તાઓ, કહેવતો વગેરેની લોકપ્રિયતા લોક સંસ્કૃતિની ખાસિયત છે. તેમાં ભાષાની ભિન્નતા હોય છે. પરંતુ ભાવની સમાનતા જોવા મળે છે. તેમજ વિવિધ ધર્મ અને જ્ઞાતિઓના ધાર્મિક સાંસ્કૃતિક અને સામાજિક રીત રિવાજો,પરંપરા સ્વરૂપે જોવા મળે છે. દરેક વ્યક્તિ લગ્ન, મૃત્યુ ,જન્મ વગેરે વિવિધ પ્રસંગોમાં લોક સંસ્કૃતિનો અનુભવ કરે છે.

જીવજંતુ કે પશુ પંખીઓ પ્રત્યે પણ દયા રાખી એમનું જતન કરવાનો ધર્મ સમજાવતી આ સંસ્કૃતિમાં માનવીનો પ્રેમાદાર કરવાનું મહત્વ કેટલું વિશેષ હોય છે. એટલે જ તો "અતિથિ દેવો ભવો" નો શાસ્ત્રો બોધ આપણી લોક સંસ્કૃતિમાં સંપૂર્ણપણે ચરિતાર્થ થાય છે. ઉત્તર ગુજરાતમાં વસતા કોળીની પ્રકૃતિ પણ જુદી જણાય છે. તેઓ પણ પોતાને ઠાકોર કહેવડાવે છે ગુજરાતમાં ચાવડા વંશની સ્થાપના થઈ અને પાટણ રાજ્યના સૈન્ય અને અર્ધ સૈન્ય તરીકે રાજપૂતો ભીલો અને લડાયક જૂથો સાથે સતત તેમાં મળતી રહી છે તેઓની ઠકરાતો અન્ય

રાજપૂતો ફકરાતોની જેમ સતત નિર્માણ થતી રહી છે અને તેથી રાજપૂત ઠાકોરો અને ભીલ ઠાકોરો અને કોળી ઠાકોર વચ્ચેની ભેદરેખા વચ્ચે તેઓ અમુક વિસ્તારોમાં પાટણવાડીયા તરીકે ઓળખાય છે.

હાલાર, ગોહિલવાડ, સોરઠ, વાગડ, વાળાક, કાનમ, લાટ, વઢિયાર, ખારાપાટ, ભાલ, ચરોતર,ઝાલાવાડ એમ અનેક પ્રાદેશિક વિસ્તારોની પોતપોતાની લોક સંસ્કૃતિ અને લોકવિરાસતો છે. જેમાંથી આજે ઉત્તર ગુજરાતના લોક સાહિત્યની વાત કરું તો આપણે જાણીએ છીએ કે નદી, પર્વત, ઝાડ, પાન, જંગલો,ઝરણા, સરોવર, કુવા, વાવ, સમંદર એમ અનેક સંદર્ભનું લોકસાહિત્ય કે લોક વિદ્યાના અનેક પાસાઓની વાત તેની સાથે જોડાયેલી છે. તો ઉત્તર ગુજરાતના પૂર્વમાં સાબરકાંઠા તેની ઉત્તરે રાજસ્થાન મારવાડ દેશ, પશ્ચિમે પાકિસ્તાન અને દખ્ખણે અડાલજ , અમદાવાદ સીમા વિસ્તાર ધરાવે છે .તો બીજી રીતે જોઈએ તો પશ્ચિમે પાટણ જિલ્લાના સાતલપુર થી લઈને પૂર્વમાં સાબરકાંઠાના શામળાજી, ધનસુરા, મોડાસા, અને ઉત્તર રાજસ્થાનનો મારવાડ પ્રદેશ ને દક્ષિણે મહેસાણા જિલ્લાના બહુચરાજી, કડી અને ગાંધીનગરનો વિસ્તાર, કે જેમાં મહેસાણા, હિંમતનગર, સિધ્ધપુર, પાલનપુર, ગાંધીનગર જેવા શહેરો આવેલા છે. જે પ્રદેશ વિસ્તારની સાથે તેનો સાંસ્કૃતિક સંબંધ પણ રહેલો છે.

## • ઉત્તરગુજરાત નું લોકસાહિત્ય અને લોક સંસ્કૃતિ

લોકસાહિત્ય અને લોક સંસ્કૃતિ વચ્ચે પાયાનો ભેદ જોવા મળે છે. લોકસાહિત્ય એ લોક સંસ્કૃતિનો એક અંશ છે. લોકસંસ્કૃતિ વિશાળ ફલક પર પથરાયેલ છે. લોક સંસ્કૃતિનું ક્ષેત્ર અમર્યાદિત છે. એની તુલના એ લોકસાહિત્ય પ્રમાણમાં સાંકડું છે. તેમ છતાં પણ બંને વચ્ચેનો સંબંધ અનોખો જોવા મળે છે. લોકસાહિત્ય અને લોક સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરતા જણાય છે કે લોકસંસ્કૃતિ એ આદિમાનવની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ છે. તેમાં પ્રચલિત ધર્મ,લોકવિશ્વાસ, શ્રદ્ધા-અંધશ્રદ્ધા, રીત રિવાજો, વાર્તાઓ, ગીતો, ભૂત પ્રેતોની કલ્પનાઓ, વશીકરણ, ભાગ્ય, તાવીજ, શુકન, રોગ, મૃત્યુ, ઉત્સવ, તહેવારો, યુદ્ધ ,હથિયારો, પશુપાલન, ખેતી ઉપરાંત લોકોએ ભૌતિક રીતે અને માનસિક રીતે જે કંઈ મેળવ્યું છે તે છે લોકસંસ્કૃતિ. બીજી રીતે કહીએ તો લોકસાહિત્ય એ લોકસંસ્કૃતિનો એકમાત્ર ભાગ છે. લોક સંસ્કૃતિને જો વિશાળ વડલાની ઉપમા આપીએ તો લોકસાહિત્યને તેની એક નાનકડી શાખા કહી શકાય છે. લોક સંસ્કૃતિનું ક્ષેત્ર વિસ્તૃત છે. જ્યારે લોકસાહિત્યનું ક્ષેત્રફળ પ્રમાણમાં સાંકડું છે. જ્યારે લોક સંસ્કૃતિ માનવજીવનના તમામ પાસાઓને સ્પર્શે છે.

## • લોક સાહિત્યમાં ઉત્તર ગુજરાતના સર્જકોનું પ્રદાન

ગુજરાતના લોકસાહિત્યનાં અભ્યાસમાં ઉત્તર ગુજરાતના લોકસાહિત્યનાં અભ્યાસીઓનું કામ વિશ્વકક્ષાએ પહોંચ્યું છે. જેમનાં કામની નોંધ આવનારા સમયમાં પણ લોકસાહિત્યના અભ્યાસીઓને માર્ગદર્શન સીમાચિન્હરૂપ બની રહેશે. તેવા પાયાના લોકવિદ્ શાંતિભાઈ આચાર્ય, મફત રણેલા કર, કનુભાઈ જાની, પ્રેમજીભાઈ પટેલ, ડો.ભગવાનદાસ પટેલ, અમૃત પટેલ અને જેના આ સમયે કામો દેખાય છે. પણ નામો નથી તેવા અનેક લોકસાહિત્યકારોનું આ ક્ષેત્રે મહત્વનું કામ છે. લોકસાહિત્યનું સંશોધન સંપાદન અવિરતપણે થતું રહ્યું છે. સંશોધન - સંપાદનની આ પરંપરા બળવંત જાની, ભગવાનદાસ પટેલ નું 'ભીલોનું ભારત', શાંતિભાઈ આચાર્ય નું 'લવધાણાની વાર્તા' વગેરે જેવા લોકસાહિત્યના સંસાધનોમાં આગવું યોગદાન જોવા મળે છે. આમ લોકસાહિત્યક્ષેત્રે ભગવાનદાસ પટેલ નું નામ ખૂબ જ જાણીતું છે. ગામડાની ધરા ખૂદીને એકઠું તેમણે એકઠું કરેલું લોકસાહિત્ય ગુજરાતી લોકસાહિત્યની મહામુલી મૂડી છે

આમ સમગ્ર રીતે જોતા આપણા ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિ મૂળ 'લોક'માં વસે છે. અને લોકો પોતાની વિશિષ્ટતા સાથે આ અતિઆધુનિક અને વ્યસ્ત જીવનશૈલીથી દૂર પોતાની મૂળ સુગંધિત સંસ્કૃતિ, રીત-રિવાજો, અને અનુષ્ઠાનો સાથે જીવે છે. લોકસાહિત્ય, લોકગીત, મહાકાવ્ય, વાર્તાઓ, કહેવતો, વગેરેની લોકપ્રિયતા લોકસંસ્કૃતિની ની ખાસિયત છે. તેમાં ભાષાની ભિન્નતા હોય છે. પરંતુ ભાવની સમાનતા જોવા મળે છે.

## • સંદર્ભ સૂચિ


**(૧) જાની બળવંત, 'લોકસાહિત્ય વિમર્શ,'પાશ્વ પ્રકાશન, સુરત.**

**(૨) યાજ્ઞિક હસુ, 'લોક વિદ્યાવિજ્ઞાન,'યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.**

**(૩) બનાસકાંઠાના લોક સંસ્કાર અને લોકવાણીઃ જયંતિલાલ સો. દવે.**

**(૪) ભરત પરમાર, 'ઉત્તર ગુજરાતનું ગ્રંથસ્ત લોકસાહિત્યઃ એક સમીક્ષાત્મક અધ્યયન; ૨૦૧૨**

**(૫) હસુ યાજ્ઞિક, (સં.પા) 'ગુજરાતી લોકસાહિત્ય',ગુ. સા. અકાદમી, ગાંધીનગર. દ્વિ. આ ૨૦૧૮**